# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૯ તા. ૧૩-૧-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૬ અંતર્ગત ક્વિઝ સ્પર્ધા યોજવા બાબત**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૬ની ઉજવણી તા.૨૫મી જાન્યુઆરી-૨૦૧૬ના રોજ મ્યુનિસિપલ શાળાઓમાં યોજવાનો રહે છે.આ વર્ષે દર વર્ષની જેમ ઉજવણીના ભાગરૂપે તા.૨૧ થી ૨૩ જાન્યુઆરી-૨૦૧૬ના રોજ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધા યોજવાની રહે છે.જેમાં નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવો.

૧) સદર ક્વિઝ ફક્ત પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પૂરતી રાખવાની છે.

૨) આ સ્પર્ધા કુલ૮૭ પ્રશ્નો આપવામાં આવેલ છે,જે પૈકી ૬૦ પ્રશ્નોનો ઉપયોગ કરવાનો છે.શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હોય તેવા ૧૨થી ૧૫ પ્રશ્નો ઉમેરી શકાશે.

૩) આ ક્વિઝ સ્પર્ધા માટે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ પૈકી ૬ ટીમ બનાવવાની રહેશે.દરેક ટીમમાં બે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રહેશે.

૪) આ સાથે સામેલ ૮૭ પૈકી ૧૦ પ્રશ્નોના ૬ સેટ તૈયાર કરવાના રહેશેઅને દરેક ટીમ માટે અલગ અલગ સેટનો ઉપયોગ કરવાનો રહેશે.જુદી જુદી ટીમોમાં એકસરખા પ્રશ્નો પુછવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

૫) આ સ્પર્ધા જે તે સ્કૂલ કેમ્પસમાં યોજવાની છે.અને સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરવાનું છે.

૬) આ સ્પર્ધામાં જે ટીમ માટે પ્રશ્નો નિયત કરવામાં આવે તે જે તે સ્કૂલના શિક્ષક દ્વારા બ્લેકબોર્ડ પર લખી વિદ્યાર્થીઓને પુછવાના રહેશે.

૭) સ્પર્ધામાં પુછવામાં આવનાર પ્રશ્નો ટીમના દરેક સભ્યને એટલેકે બે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને ક્રમાનુસાર પુછવાના રહેશે,જો ટીમનો એક વિદ્યાર્થી પુછવામાં આવેલ પ્રશ્નનો જવાબ ન આપી શકે તેવા કિસ્સામાં પ્રશ્ન પાસ-ઓન કરવાનો રહેશે.જો ટીમમાંથી કોઈપણ વિદ્યાર્થી પુછાયેલ પ્રશ્નનો સાચે જવાબ ન આપી શકે તે સજોગોમાં શિક્ષકે તે પ્રશ્નનો સાચો જવાબ આપવાનો રહેશે.

૮) આ સ્પર્ધાનો મુખ્ય હેતુ લોકો ચૂંટણી પ્રક્રિયાથી અવગત થાય તેમજ શાળાના તમામ વિદ્યાર્થીઓની જાણકારી વધે તે હોઈ,ઉપસ્થિત દરેક વિદ્યાર્થીને સમજી શકાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૯) ટીમવાર ૧૦ પ્રશ્નો પૈકી સૌથી વધુ પ્રશ્નોના સાચા જવાબ આપનારને ઉત્તિર્ણ ઘોષિત કરવાના રહેશે અને તેમને મતદાન મથક વાર યોજવામાં આવનાર રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૬ના કાર્યક્રમ દરમ્યાન પ્રમાણપત્ર તથા બેજ આપવાના રહેશે.જે અંગેની જાણ તથા સર્ટી. મોકલવા અંગે હવે પછી જાણ કરવામાં આવશે.

આ અંગેના સર્ટિફીકેટ કાર્યક્રમ અગાઉ શાળા કક્ષાએ મોકલી આપવામાં આવશે.

તા. ૧૩-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૧૬

કવીઝ માટેના પ્રશ્નો

1. મતદાર તરીકે નોંધણી કરવા માટે કેટલા વર્ષની ઉંમર હોવી જરૂરી છે ?
2. મતદાર ફોટો ઓળખપત્ર મેળવવા માટેની ઓછામાં ઓછી ઉંમર કેટલી છે ?
3. લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીઓ સામાન્ય ચૂંટણીઓ દર કેટલા વર્ષે યોજવામાં આવે છે ?
4. લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણીઓમાં મત આપવા માટે જે તે વિસ્તારની મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે કે મતદાર ફોટો ઓળખપત્રથી મતદાન કરી શકાય ?
5. ભારતમાં રહેતા હોય પરંતુ ભારતના નાગરિક ન હોય તેવા લોકોને ચૂંટણી લડવાનો અધિકાર મળે છે ?
6. લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા શાસન કરવામાં આવે તે રાજયતંત્રનો પ્રકાર જણાવો.
7. આપણા દેશની લોકશાહીનું સ્વરૂપ કયું છે ?
8. દેશના બંધારણીય વડા કોણ હોય છે ?
9. ભારતમાં આવેલ દરેક રાજયના બંધારણીય વડા કોણ છે ?
10. આપની પાસે છેલ્લા ૧૫ વર્ષથી મતદાર ફોટો ઓળખપત્ર છે, તો શું આપ માની લેશો કે આપનું નામ મતદાર યાદીમાં હશે જ ?
11. ગુજરાત વિધાનસભા ભવનનું નામ શું છે ?
12. ગુજરાત વિધાનસભા ના સભ્યોની સંખ્યા કેટલી છે ?
13. ગુજરાતમાં રાજયસભાની બેઠકો કેટલી છે ?
14. દેશની સંસદનું ઉપલું ગૃહ કયું છે ?
15. દેશની સંસદનું નીચલું ગૃહ કયું છે ?
16. દેશમાં લોકસભાની કુલ કેટલી બેઠકો છે ?
17. ગુજરાત રાજયમાં લોકસભાની કુલ કેટલી બેઠકો છે ?
18. લોકસભાની ચૂંટણીમાં ચૂંટાયેલ સભ્યને શું કહે છે ?
19. રાજયસભામાં સભ્યોની કુલ સંખ્યા કેટલી છે ?
20. રાજયસભાના કેટલા સભ્યોની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવે છે ?
21. ગુજરાતમાં વસતા નાગરિકને ગુજરાતની નાગરિકતા અને ભારતની નાગરિકતા એમ બેવડી નાગરિકતા મળી શકે ?
22. ગુજરાત રાજયમાં વિધાનપરિષદ છે ?

23. વિધાનસભા એ ધારાસભાનું ઉપલું ગૃહ છે કે નીચલું ગૃહ?

24. વિધાનસભ્ય (ધારાસભ્ય) થવા માટે ઓછામાં ઓછી કેટલી ઉમર હોવી જરૂરી છે ?

25. રાજ્યપાલ કોના પ્રતિનિધિ તરીકે રાજ્યમાં કામ કરે છે ?

26. ભારતના કોઈપણ રાજ્યની વિધાનસભાના સભ્યની સંખ્યા વધુમાં વધુ કેટલી હોઈ શકે અને ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ ?

27. પંચાયતી રાજમાં ચૂંટણી લડવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી રાખવામાં આવેલી છે ?

28. લોકસભાની ચૂંટણી લડવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

29. ભારતના રાષ્ટ્રપતિ થવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

30. આપણા દેશના બંધારણની શરૂઆત કયા શબ્દોથી થાય છે?

31. રાજ્યસભાના કેટલા સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે ?

32. રાજ્યસભાના સભાપતિ હોદ્દાની રૂએ કોણ બને છે ?

33. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે ?

34. ભારતનું ચૂંટણી પંચ કેટલા સભ્યોનું બનેલું છે ?

35. મતદાન મથક પર મતદાન કરવા જાઓ ત્યારે ખબર પડે છે કે તમારા નામે અન્ય કોઈએ મત આપી દીધો છે તો શું કરશો ?

36. રાષ્ટ્રીય મતદાતા દિવસ ક્યારે ઉજવાય છે ?

37. તમારા માતાપિતાએ મતદાન કર્યુ છે તે જાણવા માટે કયા હાથની કઈ આંગળી પરના અવિલોપ્ય શાહીના ટપકાના નિશાનથી ખાતરી થશે ?

38. ભારતના ચૂંટણી પંચની સ્થાપના ક્યારે થઈ ?

39. ઈ.વી.એમ. એટલે શું ?

40. રાજ્ય સરકારમાં મંત્રીમંડળના વહીવટી વડા કોણ હોય છે ?

41. કેન્દ્ર સરકારમાં મંત્રીમંડળના વહીવટી વડા કોણ હોય છે ?

42. ઉપરાષ્ટ્રપતિ થવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

43. શું ભારતના ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચની કામગીરી એક જ પ્રકારની છે ?

44. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કોણ યોજે છે ?

45. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કેટલા ટકા કરવામાં આવ્યું છે ?

46. મતદાનના દિવસે મતદારોએ મતદાન કરવા માટે કયાં જવું પડે છે ?

47. મતદાર ફોટો ઓળખકાર્ડની વિગતોમાં નામમાં ભુલ હોય તો તેમાં સુધારો કરવા માટે કયું ફોર્મ ભરવું પડે છે ?

48. પ્રથમ વાર મતદાર તરીકે નોંધણી કરવા માટે કયું ફોર્મ ભરવાનું હોય છે ?

49. મતદારયાદીમાંથી નામ કમી કરવા માટે કયું ફોર્મ ભરવું પડે છે ?

50. હોદ્દાની રૂએ રાજ્યના દરેક જીલ્લાના જીલ્લા ચૂંટણી અધિકારી કોણ હોય છે ?

51. ભારતના ચૂંટણી પંચની વેબસાઈટનું એડ્રેસ જણાવો.

52. મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્યની વેબસાઈટનું એડ્રેસ જણાવો.

53. મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન કયા અધિકારી આપના ઘરની મુલાકાત લઈને મતદારોની વિગતોની ચકાસણી કરે છે ?

54. કોઈ મતદાર મતદાન કરવા ઈચ્છે છે પરંતુ કોઈપણ ઉમેદવારને મત આપવા માંગતો નથી તો તે સંજોગોમાં તે ઈ.વી.એમ. માં કયું બટન દબાવશે ?

55. ચૂંટણીઓ દરમિયાન આચારસંહિતા કયારે શરૂ થાય છે અને કયારે પૂર્ણ થાય છે ?

56. લોકસભાની ચૂંટણી માટેના ચૂંટણી લડતા ઉમેદવારને લગતી વિગતો, જેમ કે, તેમનો ઈતિહાસ, નાણાંકીય સ્થિતિ વગેરેની જાણકારી કેવી રીતે મેળવી શકાય ?

57. ગ્રામ પંચાયતની ચૂંટણીઓના સંચાલનની કાયદાકીય ફરજ કોની છે?

58. લોકસભાની બેઠકોની ચૂંટણીઓનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

59. મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્યની કચેરી કયા શહેરમાં આવેલી છે ?

60. ભારતના ચૂંટણી પંચ ની કચેરી કયાં આવેલી છે ?

61. કોઈ પુખ્ત નાગરિક શારીરીક અશકતતા ધરાવતો હોય તો તે મતદાન કઈ રીતે કરી શકશે ?

62. મતદાર યાદી બાબતની પૂછપરછ માટે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન કયાં ટોલ ફ્રી નંબર પણ ફોન કરશો ?

63. મતદાનના દિવસના ત્રણથી ચાર દિવસ પહેલાં સંબંધિત બુથ લેવલ અધિકારી તેના હસ્તકના / ભાગના મતદારોને શેનું વિતરણ કરે છે, જે ચૂંટણીના દિવસે ઓળખપત્ર તરીકે વપરાય છે ?

64. એક મતદારનું નામ કોઈ એક મતદારયાદીમાં ચાલે છે અને તે અન્ય વિસ્તારમાં રહેવા જતા, ત્યાંની મતદારયાદીમાં પણ નામ દાખલ કરાવે છે. શું આ કાયદાકીય રીતે યોગ્ય છે ?

65. ચૂંટણી પ્રચાર દરમિયાન કોઈ ઉમેદવાર મતદારોને લાંચ આપે, દારૂનું વિતરણ કરે કે રોકડ રકમ વહેંચી મતદારોને પ્રભાવિત કરે તો તે અંગે કયાં ફરિયાદ કરશો ?

66. એક મહિલા મતદાન મથક પર મતદાન કરવા જાય છે અને તેણીનું છ માસનું બાળક તેની સાથે છે, તો તેણી બાળકને લઈને મત કુટીરમાં પ્રવેશ કરી શકે ?

23. વિધાનસભા એ ધારાસભાનું ઉપલું ગૃહ છે કે નીચલું ગૃહ?

24. વિધાનસભ્ય (ધારાસભ્ય) થવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જરૂરી છે ?

25. રાજયપાલ કોના પ્રતિનિધિ તરીકે રાજયમાં કામ કરે છે ?

26. ભારતના કોઈપણ રાજયની વિધાનસભાના સભ્યની સંખ્યા વધુમાં વધુ કેટલી હોઈ શકે અને ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ ?

27. પંચાયતી રાજમાં ચૂંટણી લડવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી રાખવામાં આવેલી છે ?

28. લોકસભાની ચૂંટણી લડવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

29. ભારતના રાષ્ટ્રપતિ થવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

30. આપણા દેશના બંધારણની શરૂઆત કયા શબ્દોથી થાય છે?

31. રાજયસભાના કેટલા સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે ?

32. રાજયસભાના સભાપતિ હોદ્દાની રૂએ કોણ બને છે ?

33. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે ?

34. ભારતનું ચૂંટણી પંચ કેટલા સભ્યોનું બનેલું છે ?

35. મતદાન મથક પર મતદાન કરવા જાઓ ત્યારે ખબર પડે છે કે તમારા નામે અન્ય કોઈએ મત આપી દીધો છે તો શું કરશો ?

36. રાષ્ટ્રીય મતદાતા દિવસ કયારે ઉજવાય છે ?

37. તમારા માતાપિતાએ મતદાન કર્યુ છે તે જાણવા માટે કયા હાથની કઈ આંગળી પરના અવિલોપ્ય શાહીના ટપકાના નિશાનથી ખાતરી થશે ?

38. ભારતના ચૂંટણી પંચની સ્થાપના કયારે થઈ ?

39. ઈ.વી.એમ. એટલે શું ?

40. રાજય સરકારમાં મંત્રીમંડળના વહીવટી વડા કોણ હોય છે ?

41. કેન્દ્ર સરકારમાં મંત્રીમંડળના વહીવટી વડા કોણ હોય છે ?

42. ઉપરાષ્ટ્રપતિ થવા માટેની લઘુત્તમ વયમર્યાદા કેટલી છે ?

43. શું ભારતના ચૂંટણી પંચ અને રાજય ચૂંટણી પંચની કામગીરી એક જ પ્રકારની છે ?

44. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ કોણ યોજે છે ?

45. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કેટલા ટકા કરવામાં આવ્યું છે ?

46. મતદાનના દિવસે મતદારોએ મતદાન કરવા માટે કયાં જવું પડે છે ?

47. મતદાર ફોટો ઓળખકાર્ડની વિગતોમાં નામમાં ભુલ હોય તો તેમાં સુધારો કરવા માટે કયું ફોર્મ ભરવું પડે છે ?

48. પ્રથમ વાર મતદાર તરીકે નોંધણી કરવા માટે કયું ફોર્મ ભરવાનું હોય છે ?

49. મતદારયાદીમાંથી નામ કમી કરવા માટે કયું ફોર્મ ભરવું પડે છે ?

50. હોદ્દાની રૂએ રાજયના દરેક જીલ્લાના જીલ્લા ચૂંટણી અધિકારી કોણ હોય છે ?

51. ભારતના ચૂંટણી પંચની વેબસાઈટનું એડ્રેસ જણાવો.

52. મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની વેબસાઈટનું એડ્રેસ જણાવો.

53. મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન કયા અધિકારી આપના ઘરની મુલાકાત લઈને મતદારોની વિગતોની ચકાસણી કરે છે ?

54. કોઈ મતદાર મતદાન કરવા ઈચ્છે છે પરંતુ કોઈપણ ઉમેદવારને મત આપવા માંગતો નથી તો તે સંજોગોમાં તે ઈ.વી.એમ. માં કયું બટન દબાવશે ?

55. ચૂંટણીઓ દરમિયાન આચારસંહિતા કયારે શરૂ થાય છે અને કયારે પૂર્ણ થાય છે ?

56. લોકસભાની ચૂંટણી માટેના ચૂંટણી લડતા ઉમેદવારને લગતી વિગતો, જેમ કે, તેમનો ઈતિહાસ, નાણાંકીય સ્થિતિ વગેરેની જાણકારી કેવી રીતે મેળવી શકાય ?

57. ગ્રામ પંચાયતની ચૂંટણીઓના સંચાલનની કાયદાકીય ફરજ કોની છે?

58. લોકસભાની બેઠકોની ચૂંટણીઓનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

59. મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની કચેરી કયા શહેરમાં આવેલી છે ?

60. ભારતના ચૂંટણી પંચ ની કચેરી કયાં આવેલી છે ?

61. કોઈ પુખ્ત નાગરિક શારીરીક અશકતતા ધરાવતો હોય તો તે મતદાન કઈ રીતે કરી શકશે ?

62. મતદાર યાદી બાબતની પૂછપરછ માટે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન કયાં ટોલ ફ્રી નંબર પણ ફોન કરશો ?

63. મતદાનના દિવસના ત્રણથી ચાર દિવસ પહેલાં સંબંધિત બુથ લેવલ અધિકારી તેના હસ્તકના / ભાગના મતદારોને શેનું વિતરણ કરે છે, જે ચૂંટણીના દિવસે ઓળખપત્ર તરીકે વપરાય છે ?

64. એક મતદારનું નામ કોઈ એક મતદારયાદીમાં ચાલે છે અને તે અન્ય વિસ્તારમાં રહેવા જતા, ત્યાંની મતદારયાદીમાં પણ નામ દાખલ કરાવે છે. શું આ કાયદાકીય રીતે યોગ્ય છે ?

65. ચૂંટણી પ્રચાર દરમિયાન કોઈ ઉમેદવાર મતદારોને લાંચ આપે, દારૂનું વિતરણ કરે કે રોકડ રકમ વહેંચી મતદારોને પ્રભાવિત કરે તો તે અંગે કયાં ફરિયાદ કરશો ?

66. એક મહિલા મતદાન મથક પર મતદાન કરવા જાય છે અને તેણીનું છ માસનું બાળક તેની સાથે છે, તો તેણી બાળકને લઈને મત કુટીરમાં પ્રવેશ કરી શકે ?

67. મતદાન મથક પર મતદારોની લાંબી કતાર હોય તો તે સંજોગોમાં મહિલાઓ માટે શું ખાસ સુવિધા હોય છે ?

68. આપનું નામ મતદાર યાદીમાં હોય પરંતુ આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર ન હોય તો મતદાનના દિવસે મત આપી શકાય ?

69. કયા રાજયમાં વિધાનસભાની સૌથી વધુ બેઠકો છે ?

70. કયા રાજયમાં વિધાનસભાની સૌથી ઓછી બેઠકો છે ?

71. ભારતની સંસદ કુલ કેટલા ગૃહોની બનેલી છે ?

72. મતદાન મથકમાં કોણ કોણ પ્રવેશી શકે ?

73. ભારતનું ન્યાયતંત્ર કોના તાબામાં છે.

74. નગરપાલિકાઓની ચૂંટણીઓનું સંચાલન અને આયોજન કોના દ્વારા થાય છે ?

75. અંધ વ્યકિત પોતાનો મત કેવી રીતે આપી શકે ?

76. ભારતના ચૂંટણી પંચના પ્રથમ આયુકત કોણ હતા ?

77. ભારતના ચૂંટણી પંચના આયુકતની નિમણૂંક કોણ કરે છે ?

78. સરકાર કયા પક્ષની બને છે ?

79. રાજયના મંત્રીમંડળની નિમણૂંક કોણ કરે છે ?

80. વિધાનસભાની કુલ બેઠકો પૈકી કોઈ બેઠક ઉમેદવારના મૃત્યુ અથવા અન્ય કારણોસર ખાલી પડે તે સંજોગોમાં શું કાર્યવાહી કરવામાં આવે છે ?

81. હાલમાં રાજયની વિધાનસભાના સભ્ય તરીકે ચાલુ હોય તેવો ઉમેદવાર લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે ?

82. હાલમાં રાજયની વિધાનસભાના સભ્ય તરીકે ચાલુ હોય તેવો ઉમેદવાર લોકસભાની ચૂંટણીમાં પણ વિજયી બને તો તે સંજોગોમાં બંને જગ્યાએ ચાલુ રહી શકે ?

83. મતદાન કરવા માટે ઈવીએમ માં કેટલા બટન દબાવવાના હોય છે ?

84. હાલમાં નેશનલ આઈકોન કોણ છે ?(કોઈ એક નામ જણાવો)

85. હાલમાં ગુજરાત રાજયના સ્ટેટ આઈકોન કોણ છે ?( કોઈ એક નામ જણાવો)

86. કયા દિવસને 'બંધારણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

87. ઉમેદવાર દ્વારા પોતાની તરફેણમાં મત આપવા માટે કેવા પ્રકારની અનૈતિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે ?

# રાષ્ટ્રીય મતદાતા દિવસ–૨૦૧૬

આન્સર કી

1. ૧૮ વર્ષ
2. ૧૮ વર્ષ
3. ૫ વર્ષે
4. મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે. મતદાર ફોટો ઓળખપત્ર હોય પરંતુ મતદારયાદીમાં નામ ન હોય તો મતદાન કરી શકાય નહિ.
5. ના
6. લોકશાહી
7. સંસદીય લોકશાહી
8. રાષ્ટ્રપતિ
9. રાજ્યપાલ
10. ના, મતદાર ફોટો ઓળખપત્ર હોય એટલે મતદારયાદીમાં નામ હોય જ એ જરૂરી નથી.
11. વિઠ્ઠલભાઈ પટેલ ભવન
12. ૧૮૨
13. ૧૧
14. રાજ્યસભા
15. લોકસભા
16. ૫૪૫
17. ૨૬
18. સંસદસભ્ય
19. ૨૫૦
20. ૨૩૮
21. ના. દેશમાં કોઈપણ સ્થળે વસતા નાગરિકને ભારતની નાગરિકતા મળે. બંધારણમાં રાજ્યની નાગરિકતાની જોવાઈ નથી.
22. ના
23. નીચલું ગૃહ

24. ૨૫ વર્ષ

25. રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે

26. વધુમાં વધુ ૫૦૦ હોઈ શકે અને ઓછામાં ઓછી ૬૦ હોવી જોઈએ.

27. ૨૧ વર્ષ

28. ૨૫ વર્ષ

29. ૩૫ વર્ષ

30. આમુખ

31. ૧૨

32. ઉપરાષ્ટ્રપતિ

33. ડો. નસીમ ઝૈદી

34. ત્રણ

35. સુપ્રત મતપત્ર (Tender Vote) આપી મતદાન કરી શકાય.

36. ૨૫ મી જાન્યુઆરી

37. ડાબા હાથની પહેલી આંગળીના નખ અને ચામડી પરના અવિલોપ્ય શાહીના નિશાનથી ખાતરી થશે.

38. ૨૫ મી જાન્યુઆરી, ૧૯૫૦

39. ઈલેક્ટ્રોનિક વોટીગ મશીન (વિજાણું મતદાન યંત્ર)

40. મુખ્યમંત્રી

41. વડાપ્રધાન

42. ૩૫ વર્ષ

43. હા. ભારતનું ચૂંટણી પંચ વિધાનસભા તેમજ લોકસભાની ચૂંટણીઓ યોજવાની કામગીરી કરે છે. જ્યારે રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજે છે.

44. રાજ્ય ચૂંટણી પંચ

45. ૫૦ ટકા

46. તેમના વિસ્તારના મતદાન મથકે

47. ફોર્મ નં.૮

48. ફોર્મ નં.૬

49. ફોર્મ નં.૭

50. જીલ્લા કલેકટર

51. www.eci.nic.in

52. www.ceo.gujarat.gov.in

53. બુથ લેવલ અધિકારી

54. NOTA

55. ચૂંટણીની જાહેરાતની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી.

56. ઉમેદવારી પત્ર સાથે રજૂ કરવામાં આવેલ સોગંદનામાને આધારે. જે ચૂંટણી અધિકારીની કચેરીના નોટિસબોર્ડ પર મુકવામાં આવે છે. અથવા વેબસાઈડ એડ્રેસ www.eci.nic.in પરથી

57. રાજ્ય ચૂંટણી પંચ

58. ભારતનું ચૂંટણી પંચ (ચૂંટણી પંચ, નવી દિલ્હી)

59. ગાંધીનગર

60. નવી દિલ્હી

61. પોતાની સાથે પુખ્ત ઉંમરના સહાયકની મદદથી મતદાન કરી શકશે.

62. ૧૯૫૦

63. ફોટાવાળી મતદાર સ્લીપ

64. ના, કોઈપણ મતદાર એક કરતાં વધારે વખત મતદારયાદીમાં નામ નોંધાવી શકે નહિ. આ કાનૂની ગુનો બને છે.

65. જિલ્લા ચૂંટણી ફરિયાદ સેલના ટેલીફોન નંબર ઉપર અથવા ટોલ ફ્રી ફોન નં.૧૯૫૦ ઉપર

66. હા

67. પ્રત્યેક ૧ પુરૂષ મતદાર પછી ર મહિલા મતદારોને મતદાન કરવાની વ્યવસ્થા હોય છે.

68. હા, ફોટાવાળી મતદાર સ્લીપ અથવા ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલ અન્ય વૈકલ્પિક ઓળખના પુરાવાના આધારે

69. ઉત્તર પ્રદેશ

70. સિક્કિમ

71. બે

72. મતદાર, ચૂંટણી ફરજ પરના અધિકારી, મતદાન એજન્ટ, ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ

73. ભારતનું ન્યાયતંત્ર સ્વતંત્ર છે.

74. રાજ્ય ચૂંટણી પંચ

75. બેલેટ યુનિટ પરના બ્રેઈલ લિપિમાં કંડારેલા ક્રમ નંબરને ઓળખીને અથવા સહાયકની મદદથી

76. શ્રી સુકુમાર સેન

77. ભારતના રાષ્ટ્રપતિ

78. બહુમતી બેઠકો ધરાવતા રાજકીય પક્ષની

79. રાજ્યપાલ

80. પેટા ચૂંટણી દ્વારા આ બેઠક ભરવામાં આવે છે.

81. હા

82. ના. ઉમેદવારે કોઈપણ એક બેઠક પરથી રાજીનામું આપવું પડે.

83. લોકસભા/વિધાનસભાની ચૂંટણીમાં એક બટન જયારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં એક કરતાં વધારે બટન

84. એમ.એસ.ધોની, આમિર ખાન, વિરાટ કોહલી, સાઈના નેહવાલ

85. કુ.અંકિતા રૈના, ચેતેશ્વર પુજારા, શર્મન જોષી

86. ૨૬ મી નવેમ્બર

87. રોકડ રકમની વહેંચણી, ભેટ–સોગાદો, જૂદા જૂદા પ્રકારની લાલચો, મદ્યપાન, ધાક–ધમકી વગેરે